બે'ક સપનાં તો બધાંને હોય, મારે પણ હતાં,
ઘરમાં ઝઘડા તો બધાંને હોય, મારે પણ હતા.

જ્યારે પણ જ્યાં જ્યાં ગયો ત્યાં ચોખ્ખું વર્તન મેં કર્યું,
મેલાં કપડાં તો બધાંને હોય, મારે પણ હતાં.

કોઈ ઠારે તો કોઈ દિવેલ પૂરે ઉમ્રભર,
દિલમાં દીવા તો બધાંને હોય, મારે પણ હતા.

તે છતાંયે ઘરથી જુદા એમને કરવા પડે,
દીકરા વ્હાલા તો બધાંને હોય, મારે પણ હતા.

હું ઉદાસી ઓઢીને કોઈ દિવસ બેઠો નહીં,
તડકા-છાંયા તો બધાંને હોય, મારે પણ હતા.

શું કરીએ જિંદગી નાટક કરાવે છે સતત,
એક-બે ચહેરા તો બધાંને હોય, મારે પણ હતા.

■

સાવ ટૂંકા પગારમાં જીવ્યા,
તોય કાયમ હકારમાં જીવ્યા.

ડગલે પગલે ઝૂકી ગયા જે લોક,
એ બધાંયે ઉધારમાં જીવ્યા.

માત્ર પંખી ઊડે ગગનમાં બસ,
માણસો તો કતારમાં જીવ્યા.

રાત જેવી આ જિંદગી છે પણ,
ફૂલ જેવું સવારમાં જીવ્યા.

લીધુ દીધું કરી કરી કાયમ,
મનની ઊંડી વખારમાં જીવ્યા.

■

વાસણો ખખડે પછી મહેમાન ચાલ્યા જાય છે,
આવે આડંબર અને ભગવાન ચાલ્યા જાય છે.

જેટલું પણ થાય અજવાળું કર્યું'ને એમણે!
દીપ પ્રગટાવી ઘણા ધનવાન ચાલ્યા જાય છે.

એમના હોઠે ઘડીભર સાંભળીને વાંસળી,
કેટલાંના કાયમી અભિમાન ચાલ્યા જાય છે.

એવી જામી ગઈ કલાકારોની મોજેમોજ કે–
છોડી મહેફિલને સ્વયં યજમાન ચાલ્યા જાય છે.

ઉમ્રભર એ તો રહે છે ક્યાંક ખૂણે ખાંચરે,
આપણી અંદરથી ક્યાં શેતાન ચાલ્યા જાય છે?

ઘરથી જુદા થાય છે સંતાન ત્યારે થાતું કે–
હે પ્રભુ! તેં દીધાં એ વરદાન ચાલ્યા જાય છે.

■

લીધું દીધું કરવું મોંઘુ પડશે,
ને નિર્મોહી થાવું મોંઘુ પડશે.

ગમતાં લોકોને સત્કારો, ઠીક છે,
ગીત બધાનું ગાવું, મોંઘુ પડશે.

દિલની વાતો દર્પણને તો કરજો,
છાના ખૂણે રડવું, મોંઘુ પડશે.

ઘરની અંદરનું કાંઈ પણ છોડો,
ઘર છોડી નીકળવું, મોંઘુ પડશે.

વખાણ કરતાં કરતાં છેક પહોંચ્યાં ક્યાં?
કોઈનાથી અંજાવું, મોંઘુ પડશે.

જોઈ રહ્યો છે, ભાવ બધા ભીતરના,
શ્રદ્ધા વિના નમવું, મોંઘુ પડશે.

સુખ તો બે પળ આવી બેસી જાતું,
દુ:ખને ભૂલી જાવું, મોંઘુ પડશે.

વૈભવની ભીંતે દોરે છે ચિત્રો,
આજે એને મળવું મોંઘુ પડશે.

■

## બા

તાવડીમાં રોટલી બળતી રહે છે,
બા હવે ચિંતા ઘણી કરતી રહે છે.

સાવ ધીમે બોલવા કોશિશ કરે છે,
બા કજિયાથી બહુ ડરતી રહે છે.

બા કહે કે ઘરથી મોટું તીર્થ શું છે!
ને પછી ઘરમાં જ એ ફરતી રહે છે.

બા અભણ છે, પણ ભણેલા કાન પકડે,
કર્મથી બા કૈં અજબ લખતી રહે છે.

એમ લાગે રાત-દિવસ બા નહીં પણ,
થોડી થોડી જિંદગી મરતી રહે છે.

■

એ જ મોટું આપણું સન્માન છે,
પેલો ઇશ્વર આપણો યજમાન છે.

જેમ આવ્યો એમ ચાલ્યો પણ જશે,
આ સમય તો બે ઘડી મહેમાન છે.

કોઈ દોલત જો નથી તો શું થયું?
સારું વર્તન એક પ્રકારનું દાન છે.

'ચાલશે' ને 'ફાવશે' બોલી શકે,
એ જ માણસ મારે મન ધનવાન છે.

અણગમા, ઈર્ષા, ફજેતી, વેરઝેર,
આ સિવાય મારું બધામાં ધ્યાન છે.

જોઈ લઈએ કોઈ દિવસ ભીતરે,
આપણો આ જીવ જાજરમાન છે.

બીજું તો શું હોય 'બા'ની છાબમાં,
તુલસીનું એક લીલું પાન છે.

એમ ફૂંકો ફૂંકવાથી વાંસળી વાગે નહીં,
સૂર વિશે વાંચવાથી વાંસળી વાગે નહીં.

શબ્દ વિના સાચી ઓળખ આપવાની હોય છે,
તકતીઓને ટાંગવાથી વાંસળી વાગે નહીં.

સ્થિર થઈને પામવાના હોય ભીતરના અવાજ,
જ્યાં અને ત્યાં નાચવાથી વાંસળી વાગે નહીં.

છોડવાની હોય માયા ને મમતની ગાંસડી,
કંઠીઓને બાંધવાથી વાંસળી વાગે નહીં.

થાય જૂના તો વિચારોનેય પડતા મૂકવા,
એકનું એક ઘૂંટવાથી વાંસળી વાગે નહીં.

ઊર્મિઓની આંધી સાથે ડૂબીને તરવું પડે,
કૃષ્ણ સામે રાખવાથી વાંસળી વાગે નહીં.

■

સાવ ઊંઘી જવાય એવું છે,
હોય મળવું, મળાય એવું છે.

પૂછવાનું ન હોય સઘળુંયે
એનું વર્તન કળાય એવું છે.

હાથમાં તો નથી ફૂટી કોડી,
તે છતાંયે જીવાય એવું છે.

દર્દ તારું જ ઘૂંટવું શાને?
અન્યનું પણ લખાય એવું છે.

રાખ થોડો ઉમંગ જીવનમાં
ગમતાં રસ્તે ચલાય એવું છે.

એની સાથે રમત નહીં રમતાં
શબ્દથી તો દઝાય એવું છે.

■

મળવા તો એ આવ્યા, પણ શરતોને આધીન
ઘેર સૌને બોલાવ્યા, પણ શરતોને આધીન.

આ તો એવું થયું કે આખું આકાશ ગયું,
પિંજરથી છોડાવ્યા, પણ શરતોને આધીન.

વારંવાર કીધું ત્યારે બસ એક તક આપી,
અમને પણ ચમકાવ્યા, પણ શરતોને આધીન.

સપનામાં જે જોયું'તું, અસ્સલ એવું સુખ,
મારી સામે લાવ્યા, પણ શરતોને આધીન.

નહીં કોઈ સાજિસ કે નહીં કોઈ પક્ષપાત,
બંનેને સમજાવ્યા, પણ શરતોને આધીન.

કાચી ક્ષણમાં જ અડધું જીવન લઈ લીધું,
મરતા તો અટકાવ્યા, પણ શરતોને આધીન.

■

કોક અંદર અવતરે છે ક્યાંક તો,
કોક જીવે ને મરે છે ક્યાંક તો.

કોક હૂંફાળા સમીપે આવતાં
કોક થર થર થર ડરે છે ક્યાંક તો.

કોક હસતાં ગીત ગાતાં મોજથી
કોક ડૂસકાંઓ ભરે છે ક્યાંક તો.

કોક છુપાવે હૃદયની વાતને
કોક તન મન ધન ધરે છે ક્યાંક તો.

કોક ભીતર વિસ્તરે છે કાયમી,
કોક ખીલીને ખરે છે ક્યાંક તો.

કોક ઊંચા કંઠ રેલે રંગમાં
કોક છાના કરગરે છે ક્યાંક તો.

કોક મૂંગા સાવ મૂંગા થઈ જતાં
કોક ઝટ વાતો કરે છે ક્યાંક તો.

■

તૂટેલાં સહુ સપનાંના અગ્નિસંસ્કાર કરું છું,
ખયાલોની હર દુનિયાના અગ્નિસંસ્કાર કરું છું.

જે કોઈ પહોંચાડે નહીં અમને તારા ઘર સુધી,
એ સઘળાંયે રસ્તાના અગ્નિસંસ્કાર કરું છું.

ખુદનું અજવાળું આપીને એને ગાતો કરજો,
જે બોલે કે શ્રદ્ધાના અગ્નિસંસ્કાર કરું છું.

નાચે છે ઊછળી ઊછળીને જુઓ પેલો વિશ્વાસ,
મેં કીધું કે શંકાના અગ્નિસંસ્કાર કરું છું.

બેઠી બેઠી મનમાં જે મનને કરકોલે કાયમ,
એ કપટી નિરાશાના અગ્નિસંસ્કાર કરું છું.

થોડી થોડી સૌ લેતા આવો, સૌની પાસે છે,
આવો, આજે ઈર્ષાના અગ્નિસંસ્કાર કરું છું.

સુખની એકે પળ દુઃખને મળવા ન આવી, એથી
આજે મારી આશાના અગ્નિસંસ્કાર કરું છું.

હારબંધ ઊભો રહીને માણસ, એવું બોલ્યો કે,
કાયમ દિલથી ગમતાંના અગ્નિસંસ્કાર કરું છું.

સીધાસાદા માણસને પણ એ મારી નાખે છે,
મૃગજળ જેવી અફવાના અગ્નિસંસ્કાર કરું છું.

આંસુના દરિયા દોડી દોડીને પીડા ઠલવે,
પિતા થઈને દીકરાના અગ્નિસંસ્કાર કરું છું.

■

શબ્દ મારા શબ્દ તારા હોય છે!
શબ્દ સૌના શબ્દ સારા હોય છે!

શબ્દ પોતે ગીત ગાતા હોય છે!
મૌન માંહે શબ્દ ધારા હોય છે!

શબ્દ આરત શબ્દ પૂજા થાય છે!
શબ્દ આભે પૂગનારા હોય છે!

સાત ભવની છે તરસ શબ્દો અને,
શબ્દ મીઠાં ઓડકારા હોય છે!

શબ્દ યાંને સાપના ભારા કહો,
શબ્દ મણકા શબ્દ પારા હોય છે!

■

હસતાં હસતાં બદલો લઈ લીધો,
સામેથી મેં પડદો લઈ લીધો.

આપ્યો એણે વરસાદ ભલેને,
ફળિયામાંથી તડકો લઈ લીધો.

એવી રીતે આપી મંજૂરી,
અડધો કાપી ખરડો લઈ લીધો.

બાળક બોલ્યું તમને ફેંકી દઈશ,
નાસ્તાનો જયાં ડબરો લઈ લીધો.

એમ ઊભા છે એ મારી સામે,
પર્વત જાણે પડતો લઈ લીધો.

એની એ મસ્તી ઘાયલ કરતી,
સોપારીનો કટકો લઈ લીધો.

અજવાળું કરવા ઉપયોગી થાય ,
એ જ વિચારે તણખો લઈ લીધો.

નંબર વન છું એનું કારણ કહું?
પહેલા એણે બગડો લઈ લીધો.

સમય બધાનો ચોખ્ખો કરવા મેં,
રસ્તા પરથી ઝઘડો લઈ લીધો.

ઘરની શોભા માટે સસ્તો છે,
ગાંધીજીનો ચરખો લઈ લીધો.

■

સપનાં તૂટે કે સગપણ, નાસીપાસ થવાનું નહિ,
વળાંકે ઊભા છે અવસર, નાસીપાસ થવાનું નહિ

મુશ્કેલીઓની માળા લઈ જીવન તો ઊભું હોય
તારે વહેવાનું ખળખળ, નાસીપાસ થવાનું નહિ

એક જ સરખી શ્રદ્ધા તો કંઈ રહેતી ના હો કાયમ
થાતી હોય ભલેને વધઘટ, નાસીપાસ થવાનું નહિ

આજે ઊડી ગઈ તો કાલે આવી જાશે પાછી,
પંખી જેવી છે સમજણ, નાસીપાસ થવાનું નહિ

ભાઈ, જીવન તો છે તૂટેલા સપનાનું મંદિર,
ધજા જેમ જ થાજે ફરફર, નાસીપાસ થવાનું નહિ.

સૌને મળતો રહેજે કાયમ, ફૂલ મળે કે કાંટા,
બસ, એમ જ થાશે ઘડતર, નાસીપાસ થવાનું નહિ.

■